# હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજીનું ભવિષ્ય

Gujarati

## ચર્ચા વિચારણા

10 મે 2005 – 17 જૂન 2005

www.learningtrust.co.uk

the learning trust
the future for education in Hackney

# હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી [Homerton College of Technology] નાં ભવિષ્ય અંગે ચર્ચા -વિચારણા

If you would like to find out what this document says please put a tick in the box □ and put your name, address and phone number at the bottom of this page and return it to the address below.

Bu belgenin içeriğinin açıklamasını istiyorsanız lütfen bu kutuyu □ işaretleyin, adınızı, adresinizi ve telefon numaranızı bu sayfanın altındaki boş yerlere yazın, ve sayfayı aşağıdaki adrese gönderin. (Turkish)

Haddii aad jeceshahay in aad ogaato waxa warqadan laguugu sheegaayo, Fadlan waxa aad calaamadisaa Sanduuqan □ oo waxa aad Magacaaga, Adirayskaaga iyo Telifoon Lambarkaaga aad ku qortaa xagga hoose ee boggan, oo ku soo celi markaa Adirayskan xagga hoose ku qoran. (Somali)

如果你想知道這份文件的詳細內容，請在格子里 □ 剔一下. 在本頁下面寫下你的名字，地址和電話號碼并寄到下面的地址 . (Chinese)

Nếu quí vị muốn tìm hiểu tài liệu này nói điều gì xin đánh dấu vào ô □ và ghi tên, địa chỉ và số điện thoại của quí vị vào cuối trang này vă gửi về địa chỉ dưới đây. (Vietnamese)

এই দলিলে কি লেখা আছে সে সম্পর্কে যদি আপনি জানতে চান অনুগ্রহ করে সাথের বাক্সে □ টিক্ দিন। তারপর পাতাটির নিচে আপনার নাম, ঠিকানা এবং টেলিফোন নাম্বার লিখে নিম্নলিখিত ঠিকানায় ফেরৎ পাঠান। (Bengali)

જો તમને આ દસ્તાવેજ શું જણાવે છે તે વિષે માહિતી જોઈતી હોય તો મહેરબાની કરીને બોક્સમાં □ નિશાની કરી અને આ પાનાના અંતમાં તમારું નામ, સરનામું અને ટેલિફોન નંબર આપી અને તેને નીચે સરનામે રવાના કરશો. (Gujerati)

ਜੇ ਤੁਸੀ ਜਾਣਨਾ ਚਾਹੁੰਦੇ ਹੋ ਕਿ ਇਹ ਦਸਤਾਵੇਜ਼ ਕੀ ਕਹਿੰਦਾ ਹੈ ਤਾਂ ਕਿਰਪਾ ਕਰਕੇ ਖਾਨੇ □ ਵਿਚ ਠੀਕਾ ਮਾਰੋ ਅਤੇ ਆਪਣਾ ਨਾਂ, ਪਤਾ ਅਤੇ ਫੋਨ ਨੰਬਰ ਇਸ ਪੰਨੇ ਦੇ ਥੱਲੇ ਲਿਖੋ ਅਤੇ ਇਸ ਨੂੰ ਹੇਠ ਦਿੱਤੇ ਪਤੇ 'ਤੇ ਵਾਪਸ ਭੇਜ ਦਿਓ। (Punjabi)

Si vous désirez connaître le contenu de ce document, veuillez cocher la case □ et indiquer votre nom, adresse et numéro de téléphone au bas de cette page et la renvoyer à l'adresse indiquée ci-dessous: (Français)

Si desea saber de lo que trata este documento, ponga una señal en el recuadro □ y escriba su nombre, dirección y número de teléfono al final de esta página y envíela a la dirección que se indica abajo. (Spanish)

اگر آپ یہ جاننا چاہتے ہیں کہ دستاویز میں کیا لکھا ہے تو ازراہِ کرم باکس □ میں ایک صحیح کا نشان لگائیے اور اپنا نام، پتہ
اور فون نمبر اِس صفحہ کے نیچے لکھئے اور اِسے نیچے دیئے گئے پتہ پر واپس بھیج دیجئے۔ (Urdu)

પરત મોકલો: Asa Melander, Project Manager
Hackney Technology & Learning Centre, 1 Reading Lane, London E8 1GQ

તમારું નામ ..........................................................................
(મોટા અક્ષરોમાં)

સરનામું ......................................................................

..........................................................................

ટેલિફોન ..........................................................................

# હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજીનાં ભવિષ્ય અંગે ચર્ચા વિચારણા

10 મે 2005 – 17 જૂન 2005

## વિષય સૂચી

આ માહિતી કઈ બાબત વિષે છે ?.................................................. 4
હૅક્ની ......................................................................................... 5
હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી......................................................... 5
અમે શાળા બંધ કરવાનું શા માટે વિચારીએ છીએ ?.................. 5
હોમર્ટન શાળા બંધ કરવા સિવાયનાં બીજા કોઈ વિકલ્પો છે ?.... 6
અમે હોમર્ટન ક્યારે બંધ કરીશું ?................................................... 6
હોમર્ટનનાં વિદ્યાર્થીઓનું શું થશે?.................................................. 7
કર્મચારીઓનું શું થશે ?.................................................................. 7
શાળાની જગ્યાનું તમે શું કરશો ?.................................................... 7
આગામી પગલા ............................................................................ 8
સૂચિત સમયપત્રક ......................................................................... 8
ચર્ચા-વિચારણાની બેઠકો................................................................. 9
શબ્દાવલી ..................................................................................... 10
જોડાણ 1: ચર્ચા-વિચારણા યાદી......................................................... 11
ચર્ચા વિચારણાનાં પ્રત્યુત્તરનું ફૉર્મ ................................................ 13

## આ માહિતી કઈ બાબત વિષે છે?

લર્નિંગ ટ્રસ્ટે [Learning Trust] હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજીનાં ભવિષ્ય અંગે ચર્ચા પરામર્શ કરવાનું નક્કી કર્યું છે. હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી બંધ કરવાનાં પ્રસ્તાવ પર ટ્રસ્ટ અભિપ્રાયો મેળવવા માગે છે. આ પ્રસ્તાવ અંગે તમે શું વિચારો છો તે અમને જણાવવા માટેની આ તક છે.

આ લેખમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

- શાળાને અસર કરતા પ્રશ્નોનું સ્પષ્ટીકરણ
- તમારા માટે ઉત્તરપત્રક, જે ભરીને તમારે અમને પરત કરવાનું છે, જેમાં તમારા અભિપ્રાયો તમે અમને જણાવશો
- ચર્ચા-વિચારણામાં મદદરૂપ યોજાનારી માતા-પિતા વાલીઓની બેઠકો અંગેની વિગતો. આ વિષેની વિગત પૃષ્ઠ 8 પર છે.

તમારા ઉત્તર સહિત પ્રશ્નાવલિ નીચેનાં સરનામે મોકલી આપો:

Asa Melander
The Learning Trust
Hackney Technology and Learning Centre
1, Reading Lane
Hackney E8 1GQ

અથવા તમારી સમીક્ષા કે પ્રશ્નો ઈમેઈલથી મોકલો:
asa.melander@learningtrust.co.uk

પ્રસ્તાવ અંગે તમને કોઈ ખાસ પ્રશ્નો હોય તો 020 8820 7432 પર ઍન્ટન ફ્રાન્સિસ [Anton Francic] નો સંપર્ક કરો anton.francic@learningtrust.co.uk.

આ દસ્તાવેજ અને ઉત્તરપત્રક તથા શાળા સંસ્થાનાં પ્રસ્તાવો અંગે શિક્ષણ અને કૌશલ્ય ખાતાની [Department for Education and Skills'] માર્ગદર્શક રૂપરેખા તમને અમારી વેબસાઈટ: www.learningtrust.co.uk ઓનલાઈન મળી શકશે.

**આ ચર્ચા વિચારણા 17મી જૂન, 2005નાં રોજ સમાપ્ત થશે.**

સંપૂર્ણ દસ્તાવેજોની નકલો અંગ્રેજી, તુર્કી, બંગાલી, ગુજરાતી અને વિયેટનામી ભાષાઓમાં મળી શકશે. વિનંતી કર્યેથી આ અહેવાલ તમને બીજી ભાષાઓમાં અથવા મોટા અક્ષરોમાં મોકલી આપવામાં આવશે. આ લેખનો અન્ય ભાષામાં અનુવાદ જોઈતો હોય તો તે માટેનું ફૉર્મ અંદરનાં કવરમાં આપેલ છે.

## હૅક્ની

હૅક્ની એ એક શહેરની નજીકનું આવેલ નગરપાલિકા (બરો) ધરાવતું એક ચેતનાવંત, વૈવિધ્યપૂર્ણ શહેરનું આંતરિક ક્ષેત્ર છે. એ એક તકો તેમ જ પ્રતિકારો ધરાવતું સ્થળ છે, જ્યાં ઘણા વિદ્યાર્થીઓ વિવિધ સમસ્યાઓ પણ અનુભવે છે. હૅક્ની માટે તેનાં વિદ્યાર્થીઓ માટે તેમનું શિક્ષણ સુદૃઢ અને સફળ શાળાઓમાં મેળવી શકે છે એ બાબત સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. જીસીએસઈ કામગીરીની બાબતમાં હૅક્ની સૌથી વધુ ઝડપથી સુધરતાં સ્થાનિક શિક્ષણ તંત્ર [Local Education Authority] (LEA) તરીકે બીજું સ્થાન ધરાવે છે.

લર્નિંગ ટ્રસ્ટ હૅક્ની માટે સ્થાનિક શિક્ષણ તંત્રનાં કાર્યો હાથ ધરે છે. આ પૈકીનું એક કામ હૅક્નીની માધ્યમિક શાળાઓમાં બેઠકોની ગુણવત્તા અને માગની સમીક્ષા કરવાનું છે.

## હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી

હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી એ 11-16 વર્ષની વયનાં છોકરાઓ માટેની સામૂહિક માધ્યમિક શાળા છે. તે હૅક્નીનાં મધ્યભાગમાં ટાઉન હૉલની પૂર્વ તરફ લગભગ 5 મિનિટનાં અંતરે આવેલ છે. 1980ની શરૂઆતમાં છોકરાઓ માટેની બે અગાઉની શાળાઓને એક કરીને હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજીની શરૂઆત કરવામાં આવેલ હતી.

શાળામાં પ્રત્યેક વય-જૂથ દીઠ 210 જગ્યાઓ છે, એનો અર્થ એ કે તેની 'પૂરી' સંખ્યા 1050 જગ્યાની છે. પાંચ વર્ષનાં દરેક જૂથમાં 210 જગ્યાઓ છે. હાલમાં શાળામાં 936 છોકરા છે.

**વર્ષ** 7: 161
**વર્ષ** 8: 204
**વર્ષ** 9: 203
**વર્ષ** 10: 218
**વર્ષ** 11: 177

## અમે શાળા બંધ કરવાનું શા માટે વિચારીએ છીએ ?

હોમર્ટન હૅક્નીની એક એવી શાળા છે જે ચિંતાનો વિષય બનેલ છે.

છેલ્લા દસ વર્ષોમાં હોમર્ટન ખાતેની જગ્યાઓ માટે હૅક્નીનાં માતા-પિતા તરફથી થતી અરજીમાં તેની પ્રથમ પસંદગી હોય તેનું પ્રમાણ નિરંતર ઘટતું રહ્યું છે અને તે સમય દરમ્યાન શાળાઓમાં જગ્યા કરતાં વધારે અરજી નોંધાયેલ હોય તેવું ક્યારેય નથી બનેલ. હાલમાં વર્ષ 7 માટેની અધિકતમ 210 જગ્યાઓ પૈકી માત્ર 161 વિદ્યાર્થીઓ જ છે. આ વર્ષમાં 2005 માટે માધ્યમિક શાળામાં બદલી માટે ફક્ત 24 (1.1%) જગ્યાઓ માટે 24 માટે માતા-પિતાઓએ પોતાના દીકરાઓને ભણાવવા માટે હોમર્ટનને પ્રથમ પસંદગીની શાળા તરીકે સ્થાન આપ્યું હતું. સપ્ટેંબર 2005માં હોમર્ટન ખાતે અભ્યાસ શરૂ કરનાર મોટા ભાગનાં વિદ્યાર્થીઓ એવા પરિવારોમાંથી આવેલ છે, જેમણે પોતાની પ્રથમ અગ્રતાની પસંદગી બીજી શાળાઓને આપેલ.

અન્ય 'માત્ર છોકરાઓ માટે' ની શાળાઓ હોય તેવી શાળાઓની માગમાં પણ ઘટાડો થયો છે. લર્નિંગ ટ્રસ્ટે એમ માહિતી મેળવેલ છે કે મા-બાપ પોતાનાં દીકરાઓ માટે 'માત્ર છોકરાઓ માટે' ની માધ્યમિક શાળાઓ પસંદ કરવા ઇચ્છુક નથી. હૅક્નીમાં કુલ 83 (3.9%) માતા-પિતાઓએ સપ્ટેંબર 2005 માટે બરોમાં કે બરોની બહાર માત્ર છોકરાઓ માટેની શાળામાં નામાભિધાન નહીં

કરવા માટેની પ્રથમ પસંદગી વ્યક્ત કરી હતી. આ વલણ ચાલુ રહેશે તો હોમર્ટન ખાતેની જગ્યાઓની માગમાં વધુ ઘટાડો થવાની શક્યતા છે.

આ શાળા 1960નાં ટાવર બ્લોકમાં આવેલી છે, જ્યાં ખાસ સુવિધાઓનો અભાવ છે. આ જગ્યામાં વચ્ચેથી જાહેર ફૂટપાથ નીકળતી હોવાથી તે બે ભાગમાં વહેંચાઈ ગયેલ છે. આ મકાનની ડિઝાઇનમાં શાળાનાં પ્રવેશ, પરિભ્રમણ અને સુરક્ષાની સમસ્યાઓ છે. શાળાની અગાઉની નાણાકીય મુશ્કેલીઓને કારણે મકાન અને સુવિધાઓમાં મૂડીરોકાણનો અભાવ છે.

હોમર્ટન ખાતેનાં કર્મચારીવર્ગે વિદ્યાર્થીઓને શક્ય તેટલું ઉત્તમ શિક્ષણ મળે તે બાબતને પ્રોત્સાહન આપવા પ્રતિકારાત્મક સંજોગો સામે ભારે જહેમતથી કામ કર્યું છે. છેલ્લા બે વર્ષોમાં જીસીએસઈમાં 5 કે વધુ એ*-સી (A*-C) મેળવનાર વિદ્યાર્થીઓની ટકાવારી 2003માં 36% અને 2004માં 32% હતી.

ધોરણ સુધરી રહ્યું હોવા છતાં હજુ માર્ગ લાંબો છે. લર્નિંગ ટ્રસ્ટ માને છે કે નોંધપાત્ર વિકાસ હાંસલ કરવા શાળા માટે લાંબી સમય-મર્યાદા જરૂરી છે. અને શાળાને બંધ કરવા સિવાય અને ભવિષ્યમાં નવી સંયુક્ત અકાદમીની વ્યવસ્થા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

હૅક્નીની અને રાષ્ટ્રીય સરેરાશની તુલનામાં હોમર્ટનની જીસીએસઈ એ*-સી (GCSE A*-C) નું સરેરાશ પરિણામ નીચે પ્રમાણે છે:

| **વર્ષ** | **હોમર્ટન સરેરાશ** | **હૅક્નીની સરેરાશ** | **રાષ્ટ્રીય સરેરાશ** |
|---|---|---|---|
| **2003** | 36% | 39.2% | 52.9% |
| **2004** | 32% | 45.1% | 53.7% |

## હોમર્ટન બંધ કરવા સિવાય બીજા કોઈ વિકલ્પો છે ?

અમે માનીએ છીએ કે ઘણાં મા-બાપ પોતાના દીકરાઓને હોમર્ટનમાં મોકલવાનું પસંદ કરતા નથી, કારણ કે:

- આ શાળા માત્ર છોકરાઓ માટે છે અને માત્ર છોકરાઓ માટેની જગ્યાઓની માગમાં ઘટાડો થતો જાય છે.
- એકંદરે એવી માન્યતા પ્રવર્તે છે કે વધુ સારું શિક્ષણ બીજી શાળાઓમાં મળી શકે છે.
- આવાસ-વ્યવસ્થા ખરાબ હાલતમાં છે.
- ઘણાં વર્ષોથી તેની પ્રતિષ્ઠા ખરાબ થતી રહી છે.

અમારી માન્યતા પ્રમાણે આ શાળા સુદૃઢ, લોકપ્રિય તરીકે પ્રતિષ્ઠા હાંસલ કરવાનાં મુદ્દે સુધારો કરી શકે તે અત્યંત અસંભવ છે.

## અમે હોમર્ટન ક્યારે બંધ કરવાનું વિચારીએ છીએ?

બંધ કરવા અંગે સહમતિ સધાય તો લર્નિંગ ટ્રસ્ટ ચાલુ વર્ષે 7, 8, અને 10 માટે 31 ઑગસ્ટ 2006માં અને સપ્ટેંબર 2005માં આ શાળામાં બદલી કરવા માટે બંધ કરવાનો ઇરાદો રાખે છે.

હાલમાં 9 માં વર્ષમાં હોય અને જેઓ અન્ય શાળાઓમાં બદલી ન મેળવી શકે તેવા વિદ્યાર્થીઓ માટે હોમર્ટન 31 ઑગસ્ટ, 2007નાં રોજ બંધ થશે.

## હોમર્ટનનાં વિદ્યાર્થીઓનું શું થશે ?

આ ચર્ચા-વિચારણાનાં હાર્દમાં હોમર્ટનનાં હાજરીપત્રક પર ચાલુ હોય તેવા બાળકોની શૈક્ષણિક જરૂરીયાતો અને આકાંક્ષાઓ પુરી પાડી શકાય તે સુરક્ષિત રાખવાનો અમારો નિર્ણય છે.

*ચાલુ 10 અને 11 વર્ષ*

હાલ 11માં વર્ષમાં વિદ્યાર્થીઓ હોમર્ટન ખાતે તેમનું શિક્ષણ જુલાઇ 2005માં પૂરું કરશે. હાલનાં 10મા વર્ષનાં વિદ્યાર્થીઓ હોમર્ટનમાં તેમનું શિક્ષણ જુલાઇ 2006માં પુરુ કરશે.

*ચાલુ 9 મું વર્ષ*

9માં વર્ષનાં વિદ્યાર્થીઓ, જુલાઇ 2007માં તેમનું કાયદેસર શિક્ષણ પુરુ ન કરે ત્યાં સુધી તેમને માટેની જોગવાઇ ચાલુ રાખવા અમે વચનબદ્ધ છીએ. આમ છતાં, 9મા વર્ષનાં છોકરાઓ માટે તેઓ જ્યાં પણ બદલી કરવા માંગતા હોય તેવી વૈકલ્પિક સ્થાનિક શાળાઓની જગ્યાઓ નક્કી કરી આપવામાં મદદ કરશે.

*ચાલુ વર્ષ 7-8*

હાલ 7-8 વર્ષમાં હોય તેવા વિદ્યાર્થીઓને અન્ય સ્થાનિક શાળાઓમાં જગ્યાઓ નક્કી કરી આપવામાં મદદ કરવામાં આવશે. અમારી પ્રથમ તપાસ પરથી અમે માનીએ છીએ કે 7 અને 8માં વર્ષનાં પ્રત્યેક વિદ્યાર્થીઓ માટે આ વિસ્તારમાં પૂરતી જગ્યાઓ ઉપલબ્ધ છે.

*સપ્ટેંબર, 2005માં બદલી કરવાની અપેક્ષા રાખતા વિદ્યાર્થીઓ*

હોમર્ટનમાં પ્રારંભ કરવાનાં હોય તેવા વિદ્યાર્થીઓને અમે સપ્ટેંબર, 2005 માટે અન્ય સ્થાનિક શાળાઓમાં વૈકલ્પિક જોગવાઇ નક્કી કરી આપવા માટે સલાહ અને સહાય આપવાની અપેક્ષા રાખીએ છીએ. સપ્ટેંબર, 2005 માં વિદ્યાર્થીઓએ હોમર્ટનમાં ક્યાં બદલી મેળવવી તે બાબત અને સપ્ટેંબર 2006 માટે અન્ય સ્થાનિક શાળાઓમાં જગ્યાઓ નક્કી કરી આપવામાં વિદ્યાર્થીઓને મદદ કરીશું.

## કર્મચારીઓનું શું થશે ?

આ કપરા સમયગાળા દરમ્યાન શાળાને ટેકો આપવામાં વચગાળાનાં મુખ્ય શિક્ષક અને કર્મચારીવર્ગે ફાળો આપ્યો છે તેનો ટ્રસ્ટ સ્વીકાર કરે છે. શાળા બંધ થઈ જશે તો અમે હૅક્નીની અન્ય શાળાઓમાં કામ માટેની કર્મચારીવર્ગની તકો વધારવા માગીએ છીએ. કર્મચારીવર્ગને મદદ કરવા ટ્રસ્ટ અન્ય જગ્યાઓ માટે અરજી કરવા માટે અને ટ્રેડ યુનિયનો સાથે ગાઢ સંપર્કમાં રહીને અન્ય વિકલ્પો વિચારવા માટેનો વ્યૂહ વિચારીશું. શાળા બંધ કરવા અંગે સહમતિ સધાય અને અંતે રોજગારીની બીજી તકો નક્કી ન થઈ શકે તો ખેદપૂર્વક આ ફાજલપણા વિષે વિચાર કરવાનો રહેશે.

## શાળાની જગ્યાનું તમે શું કરશો ?

હોમર્ટન બંધ થઈ જાય તો આ જગ્યા નવી શાળાનાં સ્થળ તરીકે ઉપયોગમાં લઈ શકાય અથવા સ્થાનિક વિસ્તારમાં એક નવી શાળા બાંધી શકાય. પૂર્વ હૅક્નીને સેવા આપે તેવી એક નવી સંયુક્ત અકાદમીની શક્યતા સહિત વિવિધ વિકલ્પો વિષે કાઉન્સિલ સાથે ચર્ચા થઈ રહી છે.

વધારાની મિશ્ર જગ્યાઓ માટે માતા-પિતાની માગ ઘણી વધુ છે. માતા-પિતાઓએ હૅક્નીમાં અકાદમીનાં અભ્યાસકાર્યક્રમો માટે ઉત્સાહ દર્શાવ્યો છે. સપ્ટેંબર 2004માં શરૂ કરવામાં આવેલ

મોસ્બર્ન કૉમ્યૂનિટિ એકેડમીમાં પ્રાપ્ય કરતા વધારે જગ્યા માટે મોટી સંખ્યામાં પ્રવેશ નોંધણી થઈ છે.

## આગામી પગલા

આ લેખમાં ઇંગિત પ્રસ્તાવો અંગેનાં પ્રત્યેક હિતાર્થીનાં મંતવ્યોને લર્નિંગ ટ્રસ્ટ આવકારે છે. આ ચર્ચા વિચારણા દરમિયાન વ્યક્ત કરવામાં આવેલ પ્રત્યેક મંતવ્યની 30 મી જૂન 2005 નાં રોજ મળનારી લર્નિંગ ટ્રસ્ટ બોર્ડની બેઠકમાં જાણ તથા તેનાં પર વિચારણા કરવામાં આવશે.

જો બોર્ડ નક્કી કરે કે ઔપચારિક પ્રસ્તાવ પ્રમાણે હોમર્ટન બંધ કરવી તે જ ઉત્તમ માર્ગ છે, તો વૈધાનિક નોટિસ પ્રસિદ્ધ કરવી જરૂરી બનશે, જેથી તમને તમારું મંતવ્ય નોંધાવવાની વધુ તક મળે. જેમાં વાંધાઓ સહિત કોઈ પણ ઔપચારિક લેખિત ટીકા-ટિપ્પણ માટે છ અઠવાડિયાનો સમય રહેશે.

પ્રસિદ્ધ પ્રસ્તાવ બાબતમાં કોઈ પણ વાંધાઓ અંગે શાળા વ્યવસ્થા સહિત (સ્કૂલ ઓર્ગેનાઈઝેશન કમિટી) ને પૂછપરછ કરવામાં આવશે, જે પ્રસ્તાવ અંગે નિર્ણય લેશે. જરૂરી જણાશે તો શાળા વ્યવસ્થા સમિતિ દ્વારા આ હેતુસર સપ્ટેંબર 2005 માં બેઠક યોજવામાં આવશે.

## સૂચિત સમયપત્રક

<table>
<tr><th>તારીખ</th><th colspan="2">પગલું</th></tr>
<tr><td>મંગળવાર 10 મે 2005 -<br>શુક્રવાર 17 જૂન 2005</td><td colspan="2">નીચેની બાબતો સહિત ચર્ચા-વિચારણાનો સમયગાળો:<br>• ચર્ચા-વિચારણાનો લેખ હિતાર્થીઓને પ્રસારિત કરવો (જુઓ સૂચી, જોડાણ 1)<br>• મહત્ત્વનાં હિતાર્થીઓ તેમ જ વિદ્યાર્થીઓ, માતા-પિતા, કર્મચારી વર્ગ, ગવર્નરો અને અન્ય સાથે બેઠકો<br>• સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરાત</td></tr>
<tr><td>30 જૂન 2005</td><td colspan="2">લર્નિંગ ટ્રસ્ટ બોર્ડ ચર્ચા-વિચારણાનાં પ્રતિભાવોની વિચારણા કરીને વૈધાનિક પ્રસ્તાવો પ્રકાશિત કરવાની જરૂરિયાત નક્કી કરશે.</td></tr>
<tr><td colspan="3">જો બોર્ડ વૈધાનિક નોટિસ દેવા માટે સહમત થાય તો</td></tr>
<tr><td>ગુરુવાર, 8 સપ્ટેંબર 2005</td><td colspan="2">વૈધાનિક નોટિસનું પ્રકાશન</td></tr>
<tr><td>8 સપ્ટેંબર 2005 –<br>20 ઑક્ટોબર 2005</td><td colspan="2">પ્રસ્તાવો અંગે ટીકા-ટિપ્પણ અને વાંધાઓ માટે છ અઠવાડિયાને સમયગાળો</td></tr>
<tr><td>નવેમ્બર 2005<br>(આ તારીખ હજી પાકી કરવાની છે)</td><td>જો વાંધા ન હોય તો: લર્નિંગ ટ્રસ્ટ બોર્ડ પ્રસ્તાવ વિચારવા માટે બેઠક યોજશે</td><td>વાંધા થયા હોય તો: શાળા વ્યવસ્થા સંમતિ પ્રસ્તાવોની વિચારણા કરવા બેઠક યોજશે</td></tr>
</table>

## ચર્ચા વિચારણા માટે બેઠક

ચર્ચા વિચારણા 10 મે થી 17 જૂન 2005 સુધી ચાલશે અને તેમાં અમુક ચાવીરૂપ ભાગ લેનાર પણ ભાગ લેશે. અમે આ માતા-પિતા અને વાલી માટે જ્યારે પણ આવી શકાય તેવી બેઠકનો પ્રસ્તાવ મૂકીએ છીએ અને તેનો અર્થ એ કે તમે પ્રકાશિત કરેલ સમય દરમિયાન ગમે ત્યારે આવી અને જાતે લર્નિંગ ટ્રસ્ટનાં પ્રતિનિધિ સાથે તમારો અભિપ્રાય જણાવવા વાતચીત કરી શકો છો.

તુર્કી, બંગાલી, ગુજરાતી અને વિયેટનામીઝ દુભાષિયા પણ બેઠક દરમિયાન હાજર હશે. વિનંતી કર્યે અમે અન્ય ભાષાનાં દુભાષિયાની સગવડતા કરી આપીશું.

લોકો અને હિતાર્થીઓ કે જે ભાગ લેશે તેની  પુરી સૂચી જોડાણ 1 માં આપેલ છે.

| વાલી સાથે બેઠકનો સમય | | | |
|---|---|---|---|
| **શ્રોતા** | **તારીખ** | **સમય** | **સ્થળ** |
| માતા-પિતા અને વાલી | વાર્ષિક જૂથની ડ્રોપ-ઈન બેઠકો | | |
| વર્ષ 7 | સોમવાર 23 મે 2005 | બપોરનાં 4 થી સાંજનાં 7.30 | હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી, Homerton Row, E9 6EB |
| વર્ષ 8 | મંગળવાર 24 મે 2005 | બપોરનાં 4 થી સાંજનાં 7.30 | હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી, Homerton Row, E9 6EB |
| વર્ષ 9 | બુધવાર 25 મે 2005 | બપોરનાં 4 થી સાંજનાં 7.30 | હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી, Homerton Row, E9 6EB |
| વર્ષ 10 અને 11 | ગુરુવાર 26 મે 2005 | બપોરનાં 4 થી સાંજનાં 7.30 | હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી, Homerton Row, E9 6EB |
| સપ્ટેંબર 2005 માં શરૂ કરનાર વિધાર્થીઓનાં માતા-પિતા અને વાલી | મંગળવાર 7 જૂન 2005 | બપોરનાં 4 થી સાંજનાં 7.30 | લર્નિંગ ટ્રસ્ટ હૅક્ની ટૅક્નૉલૉજી અને લર્નિંગ સૅન્ટર 1, Reading Lane Hackney E8 1GQ |

અન્ય બેઠકો વિષે ચાવીરૂપ હિતાર્થી જૂથો સાથે નક્કી કરવામાં આવશે.

## શબ્દાવલી

**શિક્ષણ અને કૌશલ્ય વિભાગ [Department for Education and Skills]**
**આ કેંદ્ર સરકારી ખાતુ છે, જે શિક્ષણની જવાબદારી સંભાળે છે.**

**હોમર્ટન કૉલેજ ઑફ ટેક્નૉલૉજી**
આ પૂર્વ હેકનીમાં Homerton Row, E9 6EB પર આવેલ મુખ્ય સામાજિક માધ્યમિક શાળા છે અને 11 અને 16 વર્ષ વચ્ચેની વયનાં છોકરાઓને શિક્ષણ આપે છે.

**લર્નિંગ ટ્રસ્ટ** (ધ ટ્રસ્ટ, The Trust), હેક્નીમાં શિક્ષણ સેવા નફા વગરનાં ધોરણે પૂરી પાડવા માટે જવાબદાર કામ કરતી કંપની છે. ટ્રસ્ટે 1 લી ઑગસ્ટ, 2002થી હેક્નીની શિક્ષણ ખાતા પાસેથી, હેક્ની સ્થાનિક શિક્ષણ તંત્રનાં મોટાભાગનાં કાર્યો માટેની જવાબદારી સંભાળી લીધી હતી. www.learningtrust.co.uk

**શાળા વ્યવસ્થા સમિતિ** આ સ્કૂલ સ્ટાન્ડર્ડ્સ ઍન્ડ ફ્રેમવર્ક એક્ટ 1998 અન્વયે રચવામાં આવેલ અલગ સંસ્થા છે, જે સ્થાનિક રીતે વ્યવસ્થાપન કરવા માટે ચાવીરૂપ ભાગીદારોને એકત્રિત કરે છે. આ સમિતિ, ટ્રસ્ટ કે શાળા સંચાલન કરતી સંસ્થાઓ ચર્ચા વિચારણા બાદ પ્રસિદ્ધ કરે તે વ્યક્તિગત પ્રસ્તાવો પર વિચારણા કરીને નિર્ણય લે છે.

**ઓફસ્ટેડ (ઑફિસ ફૉર સ્ટાન્ડર્ડ્સ ઇન એજ્યુકેશન) Ofsted (Office for Standards in Education) ઓફસ્ટેડની સ્થાપના 1લી સપ્ટેંબર, 1992નાં રોજ થઈ હતી. ઓફસ્ટેડ એ બિનમંત્રાલય સરકારી ખાતું છે, જેનો મુખ્ય ઉદ્દેશ, સ્વતંત્ર નિરીક્ષણ અને વિનિયમન દ્વારા શિક્ષણ અને બાળસંભાળની ગુણવત્તા અને ધોરણો સુધારવામાં મદદ કરવાનો અને રાજ્યનાં સચિવને સલાહ આપવાનો છે.** www.ofsted.gov.uk

## પરિશિષ્ટ 1: સલાહકાર - યાદી

અમારો ઉદ્દેશ બને તેટલા વધુ લોકો અને રસ ધરાવનાર જૂથો સાથે ચર્ચા વિચારણા કરવાનો છે, જેમાં નીચેનાં જૂથોનો સમાવેશ થાય છે:

- હોમર્ટન કૉલેજ ઑફ ટેક્નૉલૉજીનાં હાજરીપત્રક પરનાં વિદ્યાર્થીઓ
- હોમર્ટન કૉલેજ ઑફ ટેક્નૉલૉજીનાં હાજરીપત્રક પરનાં વિદ્યાર્થીઓનાં માતા-પિતા અને વાલીઓ
- હોમર્ટન કૉલેજ ઑફ ટેક્નૉલૉજીનાં કર્મચારીઓ
- હોમર્ટન કૉલેજ ઑફ ટેક્નૉલૉજીનાં ગવર્નરો
- પ્રસ્તાવથી અસર પામનાર માતા-પિતા
- પ્રત્યેક હૅક્ની શાળાનાં મુખ્ય શિક્ષકો અને ગવર્નરોનાં અધ્યક્ષો તથા શાળાથી ત્રણ માઇલની ત્રિજ્યામાં આવેલ અન્ય બરોની માધ્યમિક શાળાઓનાં મુખ્ય શિક્ષકો
- ધ લર્નિંગ એન્ડ સ્કીલ્સ કાઉન્સિલ લંડન ઈસ્ટ
- ટ્રેડ યુનિયનો
- હૅક્ની સ્કૂલ ગવર્નર એસોસિએશન (HASGA)
- ઈસ્લિંગ્ટન, હેરિંગે, વૅલ્ધમ ફોરેસ્ટ, ટાવર હેમ્લેટ્સ, ન્યૂહૅમ, સિટી ઑફ લંડન સહિત વિસ્તારનાં પાડોશનાં LEA
- હૅક્ની કાઉન્સિલરો
- હૅક્ની કાઉન્સિલ
- હૅક્નીનાં સાંસદો
- સ્થાનિક સામૂહિક જૂથો અને ધંધાકીય ભાગીદારો
- લંડન ડાયોસેશન બોર્ડ
- ધ ડાયોસિસ ઑફ વૅસ્ટમિન્સ્ટર
- ઓર્થોડક્સ જ્યૂઈશ કમ્યુનિટીનું ઈન્ટરલિંક નૅટવર્ક
- પ્રસ્તાવની અસર થાય તેવા અન્ય સામૂહિક સભ્યો

## ચર્ચા-વિચારણા પ્રત્યુત્તર ફૉર્મ
## હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી બંધ કરવાનો પ્રસ્તાવ

**17 જૂન 2005 સુધીમાં આસા મેલાન્ડર [Asa Melander] ને આ સરનામે પરત મોકલવું:**

The Learning Trust
Hackney Technology
and Learning Centre
1 Reading Lane
London
E8 1GQ
Email: asa.melander@learningtrust.co.uk

| | |
|---|---|
| પ્રત્યુત્તર આપનાર વ્યક્તિનું નામ: | |
| હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી સાથે નિસ્બત<br>દા. ત., વિદ્યાર્થી,<br>માતા-પિતા,<br>કર્મચારી-વર્ગ, સામૂહિક સભ્ય | |

*નીચેની જગ્યામાં હોમર્ટન કૉલેજ ઑફ ટૅક્નૉલૉજી બંધ કરવાનાં પ્રસ્તાવ પર ટીકા-ટિપ્પણ લખો. જરૂર પડે તો બીજા પાના પર લખો.*

ઈન્ટરનેટની સુવિધા હોય તો આપ ઈલેક્ટ્રોનિકનાં માધ્યમથી પ્રત્યુત્તર આપી શકો છો
www.learningtrust.co.uk ની મુલાકાત લો અને જુઓ પ્રકાશનો / ચર્ચા-વિચારણા.
આપનાં પ્રત્યુત્તર બદલ આભાર!

બીજા પાનાં પર ચાલુ